જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૦૮/૦૧/૨૦૧૯ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૮/૧૯**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૧૯ લીટર દેશી દારૂ, ૧૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૯,૯૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૯/૧૯**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૫૦/૧૯**

**નવરંગપુરાઃ** અમીતભાઇ રજનીકાંત શાહ (ઉ.વ.૪૫)(રહે. સત્યાગ્રહ છાવણી સેટેલાઈટ) એ તા.૦૭/૦૧/૧૯ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૧/૧૯ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે નવરંગપુરા સ્ટેડીયમ પાંચ રસ્તા ટ્રેડ સેન્ટર, “કમલેશ કાંતી આંગડીયા” ઓફીસ નંબર.૪૨ ખાતે અમીતભાઇ એ અંકલેશ્વર ખાતે રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- પહોચાડવા સારૂ સંજયભાઇએ પોતાના માણસ વિશાલને અમીતભાઇની ઓફીસે મોકલી તેઓ દ્વારા રૂપિયા ૧૦ લાખનું કન્ફરમેશન ન આવતા સંજયએ રૂપિયા કમલેશ કાંતી આંગડીયા ઓફીસ નં.૪૨, ટ્રેડ સેન્ટર,સ્ટેડીયમ પાંચ રસ્તા ખાતે કામ કરતા વિજયભાઇ ભટ્ટ દ્વારા મોકલી આપવા જણાવતા, અમીતભાઇએ પોતાના માણસો મારફતે કમલેશ કાંતી આંગડીયા પેઢીમાં જમા કરાવેલ, ત્યાં નોકરી કરતા વિજયભાઇએ આ રૂપિયા સંજયભાઈ ના કહેવાથી મણી મગન પેઢીમા કામ કરતા કિરીટભાઇને પહોચાડેલ અને કિરીટભાઇએ સંજયના કહેવાથી આ રૂપિયા નટવરભાઈ રાવલ નાઓને અંકલેશ્વર ખાતે પહોચાડવાના બદલે અમીતભાઇની સંમતી વગર સંજયભાઇના કહેવાથી ભરતભાઈના નામે આર.કે.આંગડીયુ અંકલેશ્વર ખાતે પહોચાડેલ અને તેઓએ પણ આ રૂપિયા મહેંદ્ર સોમા અંકલેશ્વર પેઢીમા કામ કરતા ભરતભાઇને આપતા તેમની પેઢી મારફતે મુંબઇ ખાતે પહોચાડી અમીતભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એચ.કાઝી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૧/૧૯**

**ઓઢવઃ** ગોવિંદપ્રસાદ સુવાજી એસનાવરીયા (ઉ.વ.૫૫)(રહે.આસ્થા બંગ્લોઝ માધવ સ્કુલ સામે વસ્ત્રાલ રામોલ) એ તા.૭/૧/૧૯ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૧/૧૯ રાતના ૧૦/૦૦ થી તા.૦૩/૦૧/૧૯ કલાક ૮/૩૦ વાગ્યા દરમ્યાન ઓઢવ પામ હોટલ પાછળ કૈલાશ એસ્ટેટ શેડ નંબર-૮૨ ખાતે આવેલ ગોવિંદપ્રસાદની ફેકટરીની ઓફીસની બારીમાંથી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, ટેબલના ખાનામાંથી રોકડ રૂપિયા ૯૬,૪૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૨/૧૯**

**ચાંદખેડાઃ** અરૂણકુમાર શ્રીલખનકુમાર શ્રીવાસ્તવ (ઉ.વ.૩૭)(રહે.સેક્ટર-૭/એ, ગાંધીનગર) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૧/૨૦૧૯ સાંજના ૫/૦૦ થી તા.૦૭/૦૧/૨૦૧૯ ના કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન મોટેરા સ્ટેડિયમમા આવેલ ઝોન-૨ એરિયાની ખુલ્લી જગ્યામાંથી અજાણી વ્યક્તિ એલ એન્ડ ટી કંપનીનો કંન્સ્ટ્રક્શનને લગતો સર-સામાન કિમત રૂપિયા ૧,૮૮,૫૯૬/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.ચૌધરી ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૫૩/૧૯**

**સોલા હાઇકોર્ટઃ** દર્શનાબહેન વા/ઓ નલીનભાઇ નિસરતા (ઉ.વ.૪૨)(રહે. આઇ.સી.બી.ફલોરા વોડાફોન ટાવર પાછળ ગોતા) તા.૦૬/૦૧/૧૯ સાજના ૫/૩૦ વાગ્યાના સુમારે ગોતા તળાવ પાસે શ્રીપદ રેસીડેન્સી આગળથી પોતાનું સ્કૂટર ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ દર્શનાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ દર્શનાબહેન નિસરતાએ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આર.ગઢવી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૪/૧૯**

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** પવન બનવારીલાલ ધવલ (ઉ.વ.૧૯)(રહે.ઈન્ટર ઈંડીયા કંપની અસલાલી) તા.૦૬/૦૧/૧૯ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે નારોલથી લાભા જતા લાભા ટર્નિંગ નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે સામેથી રોંગ સાઈડમાં મોટર સાયકલ નંબર જીજે ૨૭ બીજી ૧૪૩૧ ના ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા પવમ ધવલને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે વા.સા. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૭/૦૧/૧૯ કલાક ૩/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનારના મિત્ર હીરાલાલ ચૌધરીએ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ઝાલા ચલાવે છે.

**“જે” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** ઉમેશભાઈ હરીનંદન કુશવાહ (ઉ.વ.૩૧)(રહે.ગોકુલ પ્લેટીનિયમ ત્રીકમપુરા પાટીયા પાસે જશોદાનગર) તા.૦૬/૦૧/૧૯ બપોરના ૨/30 વાગ્યાના સુમારે ત્રીકમપુરા પાટીયા ત્રણ રસ્તા બસ સ્ટેન્ડ સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા ફોર વ્હીકલના ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા ઉમેશભાઈને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનારના ભાઈ દિનેશકુમાર કુશવાહે “જે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.બી.નાગોરી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૫/૧૯</u>**

**સરખેજઃ** ગીરીશભાઇ મુળજીભાઇ ભાડેસીયા (ઉ.વ.૫૧) (રહે. પીપળાવાળી શેરી જોગણી માતાના મંદીર સામે ખારાકુવા સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૧/૧૯ બપોરના ૪/30 વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી હીતેન્દ્રસિંહ મનુભા ચલાવે છે.

**રામોલઃ** વસંતભાઇ ઓમકારભાઇ વિસપુતે (ઉ.વ.૭૮) (રહે.માતૃ બંગ્લોઝ ન્યુ મણીનગર રામોલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૧/૧૯ કલાક ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના દરવાજા નજીક પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાટી સળગી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભીખુભાઇ ભલાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.